| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૧/૦૨/૨૦૨૬ | | |
| નોંધણી તારીખ | ૧૧/૦૨/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૨/૦૫/૨૦૨૬ | | |
| વ્યતિત સમય | વર્ષ | માસ | દિવસ |
| | | | |

=================================

**મે. ત્રીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,સુરેન્દ્રનગર**

=================================

**રેગ્યુલર સીવીલ સ્યુટ નં.૨૫/૨૦૨૬**

**આંક:**

**વાદી : પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ**

**મુ. રાજકોટ**

નાયબ ઈજનેરશ્રી,
સીટી સબડીવીઝન
ઠે.: જુના પાવર હાઉસ, સોનાપુર રોડ,
મુ. સુરેન્દ્રનગર

**વિરુધ્ધ**

**પ્રતિવાદી : મીનાબેન રાજાભાઈ ભરવાડ**

ઠે.શકિતપરા શેરી નં.૧,શકિતપરા અવાડા પાસે
અલકા સોસાયટી સામે, નવા જંકશન રોડ
સુરેન્દ્રનગર.

| |
|---|
| **દાવો : રૂા. ૨૧,૪૮૯–૭૨ પૈસા વસુલ મેળવવાનો..** |
| વાદી તરફે વિ.વ.શ્રી કે.કે.કારેલીયા<br>પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી એક તર્ફી" |

**-::JUDGEMENT ::-**

**૧.) પ્રસ્તાવના :**

આ કામના વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ હાલનો દાવો કરીને લેણી રકમ વસુલાત માટેનો દાવો કરી તે સંબંધેની દાદ કરેલ છે.

વાદીએ પોતાની દાવા અરજીમાં નીચે મુજબની પ્રતિવાદી વિરુધ્ધ દાદની માંગણી કરેલ છે. (૧) હાલની દાવા અરજીના પેરા નં.–૩માં અમોએ જણાવ્યા મુજબ અમો વાદી વિજકંપનીના,પ્રતિવાદી પાસે વિજવપરાશના મુદલ રકમ બાકી રૂા.૧૪,૮૮૯–૦૨ પૈસા તેમજ ડી.પી.સી ચાર્જના રૂા.૬૬૦૦–૭૦ પૈસા મળી કુલ રૂા.૨૧૪૮૯–૭૩ પૈસા આ દાવાના ખર્ચ સહિત તથા દાવા તારીખથી **16%**ના ચડત વ્યાજ સહિત પ્રતિવાદીની જાત તથા હરેક જાતની મિલકતથી વસુલ થઈ શકે તે મુજબનું અમો વાદીના લાભમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધમાં હુકમનામું કરી આપવા ન્યાયના હિતમાં હુકમ કરવા મહે.કરશોજી.તેમજ આ દાવાનું તમામ ખચ અમોને પ્રતિવાદી પાસેથી અપાવશોજી.

(૨) ન્યાય અને ઈકવીટીના ધ્ઓરણે બીજી જે કાંઈ દાદ મળી શકે તેમ હોય તે દાદ અપાવવા મહે.કરશોજી.

**૨.) કેસની હકિકત:**

૨.૧) આ કામની વાદી કંપની ગુજરાત વિદ્યુતબોર્ડનું વિભાગીયકરણ થતા અસ્કયામતો તબદીલ થતા અસ્તિત્વમાં આવેલ છે. વાદી કંપની નોંધાયેલ ગાહકોને જરૂર મુજબનો વીજપુરવઠો પુરો પાડે છે. વાદી કંપનીના નોંધાયેલા ગ્રાહકોને વખતો વખત થતી વીજ વપરાશનું ચડત બિલ શરત મુજબ ધોરણસરના કાયદા, કરાર મુજબ નિયમિત રીતે ભરવાનું હોય છે. વાદી વીજ કંપની ઈલેકટ્રીસીટી એકટ તથા ઈલેકટ્રીસીટી સપ્લાયર્સ એકટ મુજબ એક સ્ટેચ્યુટરી વીજ કંપની અને લાયસન્સી છે.

૨.૨) આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ધોરણસરના ગ્રાહક

છે. પ્રતિવાદીનો ગ્રાહક નં. ૨૫૧૦૬૦૫૦૩૩૨ છે. આ કામના પ્રતિવાદીએ ઘરવપરાશ લગતી વીજવપરાશ કરેલ છે. પ્રતિવાદીનો વીજ જોડાણનો પ્રકાર રહેણાંક છે.

૨.૩) આ કામના પ્રતિવાદી પાસે પી.જી.વી.સી.એલ.ના કન્ઝયુમર પર્સનલ લેઝર એકાઉન્ટ તથા ડી.પી.સી. પ્રમાણે એપ્રીલ– ૨૦૨૩ થી ડીસેમ્બર–૨૦૨૫ સુધીના ચડત વીજ વપરાશના બિલના રૂ.૧૪૮૮૯–૦૨ પૈસા બાકી લેણા રહે છે જે પ્રતિવાદીએ વાદી કંપનીને નિયત સમયમાં વસુલ આપેલ ન હોય ડી.પી.સી. ચાર્જના ૬૬૦૦–૭૦ પૈસા મળીને કુલ રૂા. ૨૧૪૮૯–૭૨ પૈસા વાદી વીજ કંપનીના આ કામના પ્રતિવાદી પાસે બાકી રહે છે. જે પ્રતિવાદીએ વાદી કંપનીને વસુલ નહી આપતા વાદી કંપનીએ આ કામના પ્રતિવાદીને તે અંગે તા. ૨૪/૧૧/૨૦૨૫ ના રોજ લીગલ નોટિસ આપેલ જે નોટિસ પ્રતિવાદીને બજી ગયેલ છે. તેમ છતાં આ કામના પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની લેણી રકમ રૂા. ૨૧૪૮૯–૭૨ પૈસા વસુલ નહી આપતા આ કામના પ્રતિવાદીનું વીજ કનેકશન કાયમી ધોરણે તા. ૧૦/૦૩/૨૦૨૩ થી બંધકરેલ છે. પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની લેણી રકમ વસુલ આપેલ નથી જેથી આ દાવો નામદાર કોર્ટમાં દાખલ કરવાની જરૂર પડેલ છે. આ કામના પ્રતિવાદી વીજ પુરવઠાના વપરાશની બાકી બિલની રકમ પ્રવર્તમાન કાયદા મુજબ આપવા જવાબદાર છે.

૨.૪) આ દાવાનું કારણ વાદી કંપનીમાંથી પ્રતિવાદીએ ઘરવપરાશના હેતુ માટે વીજ કનેકશન મેળવેલ ત્યારથી જેમ–જેમ વીજ

વપરાશની રકમ બાકી રહેતી ગઈ ત્યારથી તેમજ વાદી એપ્રિલ –૨૦૨૪ થી ડીસેમ્બર–૨૦૨૫ સુધીના સુધીના ચડત વીજ વપરાશના રૂા. ૧૪૮૮૯–૦૨ પૈસા પૈસાનું બિલ પ્રતિવાદીને આપેલ ત્યારથી તથા ડી.પી.સી. ચાર્જના રૂા. ૬૬૦૦ – ૭૦ પૈસા મળીને કુલ રૂા. ૨૧૪૮૯–૭૨ પૈસાની બાકી રકમ અંગે વાદી કંપની ધ્વારા તા. ૨૪/૧૧/૨૦૨૫ ના રોજ લીગલ નોટિસ અપેલ અને તે પ્રતિવાદીને લીગલ નોટિસ મળેલ છે. જેથી પ્રતિવાદીએ તે રકમ વસુલ નહી આપતા આ દાવાનું કારણ સુરેન્દ્રનગર મુકામે ઉત્પન્ન થયેલ છે.

**૩.) કેસની કાર્યવાહી:**

વાદીએ હાલનો દાવો દાખલ કરતાં પ્રતિવાદીને સમન્સ બજવણી આંક:૦૫ થી થયેલ છે. ત્યારબાદ પ્રતિવાદી કે તેમના વિ.વ.શ્રી હાજર થયેલ નથી કે, દાવાનો કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી. સદર કેસ એકતરફી આગળ ચલાવેલ છે. વાદીના દાવાની તકરારી બાબતનો આંક:૦૬ થી અત્રેની કોર્ટ ઈસ્યુ ફ્રેમ કરેલ.

**૪.) મુદ્દા:**

(એ) આ કામે વાદીની દાવા અરજી તથા પ્રતિવાદીઓનાં લેખિત જવાબ લગત તકરારી બાબતોનાં ન્યાયિક નિર્ણય માટે આંક: ૦૬થી મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીને વાદી કંપની ધ્વારા વીજ કનેકશન આપવામાં આવેલ હોય તેના કાયદેસરના વીજ વપરાશ કરનાર છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસે વાદી કંપનીના

વીજ ગ્રાહક હોય વીજ વપરાશના રૂા. ૧૪,૮૮૯–૦૨ પૈસા તથા વિલંબીત ચાર્જના ૬૬૦૦–૭૦પૈસા મળી કુલ રૂા. ૨૧,૪૮૯–૭૨ પૈસા બાકી લેણી રકમ નીકળે છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીને નોટીસ આપવા છતા બાકી વીજ બીલની લેણી રકમ તથા ડી.પી.સી. ચાર્જીસ રકમ ભરપાઈ કરેલ નથી ?

(૪) શું વાદી વ્યાજ મેળવવા હકકદાર છે ? હા, તો કેટલુ ?

(૫) શું વાદી દાવા અરજીના પેરા– ૦૭ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

(૬) શું હુકમ અને હુકમનામું ?

**૫.)** ઉપરોક્ત મુદ્ધાઓના તારણો નીચે જણાવ્યા છે જેના કારણો ચુકાદામાં સવિસ્તાર જણાવેલ છે. ઉપરોક્ત મુદ્ધાનાં જવાબો નીચે મુજબ છે.

૧) હકારમાં
૨) હકારમાં
૩) હકારમાં
૪) હકારમાં
૫) હકારમાં
૬) આખરી હુકમ અનુસાર

**૬.)** ઉપરોક્ત મુદ્ધા લગત વાદી પ્રતિવાદીએ નીચે મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

**અ) વાદી તરફે મૌખિક પુરાવો :**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | વાદી ઈમ્તીયાઝ યુસુફભાઈ શેખ, ના.ઈ.ની જુબાની | ૧૭ |

**બ) વાદી તરફે થી દસ્તાવેજી પુરાવો**

| **અનુ.નં** | **વિગત** | **આંક** |
|---|---|---|

| . | | |
|---|---|---|
| ૧. | ગેટપાસ | ૧૦ |
| ૨. | ડી.પી.સી. કેલ્કયુલેશન શીટ | ૧૧ |
| ૩. | પ્રફોર્મા નં. ૧૨ | ૧૨ |
| ૪. | પર્સનલ કન્ઝયુમર લેઝર ખાતાનો ઉતારો | ૧૩ |
| ૫. | લીગલ નોટિસ | ૧૪ |
| ૬. | રજી.એ.ડી.ની એકનોલેજમેન્ટ | ૧૫ |
| ૭. | પ્ર.ફોર્મા–૧૫ | ૧૬ |

**–:: કા ર ણો ::–**

**૭). મુદ્દા નં. ૧**

(શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીને વાદી કંપની દ્વારા વીજ કનેકશન આપવામાં આવેલ હોય તેના કાયદેસરના વીજ વપરાશ કરનાર છે ?)

**૭.૧) વાદી તર્ફે રજુઆત:**

વાદીએ પોતાની દાવા અરજી તથા સોગંદ પરની જુબાની ધ્યાને લેતાં જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ધોરણસરના ગ્રાહક છે.પ્રતિવાદીનો ગ્રાહક નં. ૨૫૧૦૬૦૫૦૩૩૨ છે. આ કામના પ્રતિવાદીએ ઘરવપરાશ લગતી વીજવપરાશ કરેલ છે. પ્રતિવાદીનો વીજ જોડાણનો પ્રકાર રહેણાંક છે.

**૭ .૨) પુરાવાનો બોજો:**

સબબ કામે આંક: ૦૬ થી મુદ્દાને ધ્યાને લેતાં મુદ્દા નં. ૧ એ વાદી પર તકરારી બાબત સાબિત કરવાનો બોજો રહેલ છે.

**૭.૩) પુરાવાકીય મુલ્યાંકન:**

વાદી તથા પ્રતિવાદી તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી

પુરાવાને વંચાણે લીધા તથા રજૂઆત સાંભળી. રેકર્ડ વંચાણે લેતાં, સદર કામે વાદી ઈમ્તીયાઝ યુસુફભાઈ શેખ (નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ.)નાઓએ તેઓની આંક:૧૭ ની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી અમો વીજ કંપનીના ધોરણસરના ગ્રાહક છે.જેમનો ગ્રાહક નં. ૨૫૧૦૬૦૫૦૩૩૨ છે. વાદીએ તેમની સરતપાસના સમર્થનમાં દસ્તાવેજો રજુ કરેલ છે. જે જોતાં આંક–૧૦ થી વીજ કંપનીનો ગેટપાસ રજુ કરેલ છે. જેમાં ગ્રહકનું નામ વાલીબેન મથુરભાઈ પરમાર તથા ગ્રાહક નંબર ૨૫૧૦૬૦૫૦૩૩૨ લખેલ છે. તેમજ આંક–૧૧ ડી.પી.સી કેલ્કયુલેશન શીટમાં પણ ગાહક નંબર. ૨૫૧૦૬૦૫૦૩૩૨ લખેલ છે. આંક–૧૨ થી રજુ થયેલ પ્રફોર્મા નં.૧૨ રજુ કરેલ છે જેમાં પણ ગ્રાહક નંબર ૨૫૧૦૬૦૫૦૩૩૨ લખેલ છે.

૭.૪) વધુ પ્રતિવાદી તર્ફે સદર વાદીની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. તેમજ પ્રતિવાદીએ વાદીનાઓની સોંગદપરની હકિકતોને ડીનાઈલ લીધેલ નથી. વધુમાં પ્રતિવાદીએ વાદીએ આપેલ પુરાવાની હકિકતોને નકારી તે લગત કોઈ રીબેટેબલ (ખંડનકર્તા) કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, વાદી દ્વારા રજુ કરેલ પુરાવો ન માનવાને કોઈ કારણ નથી.

**૭.૫) કોર્ટનુ તારણ:**

આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા અનુસંધાને વાદીનીએ પ્રતિવાદીની તર્ફે રજુ કરેલ પુરાવાનુ મુલ્યાંકન કરતાં, આ કામે વાદીએ એ હકિકત પુરવાર કરેલ છે કે,પ્રતિવાદીને વાદી કંપની ધ્વારા વીજકનેકશન આપવામાં આવેલ હોય તેના કાયદેસરના વીજ

વપરાશ કરનાર છે .આમ, મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**૮.) મુદ્ધા નં.૨ અને મુદા નં.૩**

(શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસે વાદી કંપનીના વીજ ગ્રાહક હોય વીજ વપરાશના રૂા.૧૪૮૮૯–૦૨ પૈસા તથા વિલંબીત ચાર્જના રૂા.૬૬૦૦–૭૦ પૈસા મળી કુલ રૂા. ૨૧૪૮૯–૭૨ પૈસા બાકી લેણી રકમ નીકળે છે ?)

(શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીને નોટીસ આપવા છતા બાકી વીજ બીલની લેણી રકમ તથા ડી.પી.સી. ચાર્જીસ રકમ ભરપાઈ કરેલ નથી ?)

**૮.૧) વાદી તર્ફે રજૂઆત**

વાદીએ પોતાની દાવા અરજી તથા સોગંદ પરની જુબાની ધ્યાને લેતાં જણાવેલ છે કે, પ્રતિવાદીપાસે પી. જી. વી. સી.એલ.ના કન્ઝ્યુમર પર્સનલ લેઝર એકાઉન્ટ તથા ડી.પી.સી.પ્રમાણે એપ્રિલ ૨૦૨૩ થી ડીસેમ્બર–૨૦૨૫ સુધીના ચડત વીજ વપરાશના બિલના રૂા.૧૪૮૮૯–૦૨ પૈસા બાકી લ ેણા રહે છે જે પ્રતિવાદીએ વાદી કંપનીને નિયત સમયમાં વસુલ આપેલ ન હોય ડી.પી.સી. ચાર્જના રૂા.૬૬૦૦–૭૦ પૈસા મળીને કુલ રૂા. ૨૧૪૮૯–૭૨ પૈસા વાદી વીજ કંપનીના આ કામના પ્રતિવાદી પાસે બાકી રહે છે. જે પ્રતિવાદીએ વાદી કંપનીને વસુલ નહી આપતા વાદી કંપનીએ આ કામના પ્રતિવાદીને તે અંગે તા. ૨૪/૧૧/૨૦૨૫ ના રોજ લીગલ નોટિસ આપેલ જે નોટિસ પ્રતિવાદીને બજી ગયેલ છે. તેમ છતાં આ કામના

પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની લેણી રકમ રૂા. રૂા. ૨૧૪૮૯–૭૨ પૈસા આ કામના પ્રતિવાદીએ ભરપાઈ કરેલ નથી.

**૮. ૨) પુરાવાનો બોજો:**

સબબ કામે આંક: ૦૬ થી મુદ્ધાને ધ્યાને લેતાં મુદ્ધા નં. ૨ થી વાદી પર તકરારી બાબત સાબિત કરવાનો બોજો રહેલ છે.

**૮.૩) પુરાવાકીય મુલ્યાંકન:**

વાદી તથા પ્રતિવાદી તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને વંચાણે લીધા તથા રજૂઆત સાંભળી. રેકર્ડ વંચાણે લેતાં, સદર કામે રેકર્ડ વંચાણે લેતાં, સદર કામે વાદી ઈમ્તીયાઝ યુસુફભાઈ શેખ (નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ) નાઓએ તેમની આંક:૧૭ ની જુબાનીમાં જણાવેલ છે કે,પ્રતિવાદી પાસે પી.જી.વી.સી.એલ.ના કન્ઝયુમર પર્સનલ લેઝર એકાઉન્ટ તથા ડી.પી.સી. પ્રમાણે એપ્રિલ–૨૦૨૩ થી ડીસેમ્બર –૨૦૨૫ સુધીના ચડત વીજ વપરાશના બિલના રૂા.૧૪ ૮૮૯–૦૨ પૈસા બાકી લેણા રહે છે જે પ્રતિવાદીએ વાદી કંપનીને નિયત સમયમાં વસુલ આપેલ ન હોય ડી.પી.સી. ચાર્જના રૂા.૬૬૦૦–૭૦ પૈસા મળીને કુલ રૂા. ૨૧૪૮૯–૭૨ પૈસા પૈસા વાદી વીજ કંપનીના આ કામના પ્રતિવાદી પાસે બાકી રહે છે. જે પ્રતિવાદીએ વાદી કંપનીને વસુલ નહી આપતા વાદી કંપનીએ આ કામના પ્રતિવાદીને તે અંગે તા. ૨૪/૧૧/૨૦૨૫ ના રોજ લીગલ નોટિસ આપેલ જે નોટિસ પ્રતિવાદીને બજી ગયેલ છે. તેમ છતાં આ કામના પ્રતિવાદીએ વાદી વીજ કંપનીની લેણી રકમ

રૂા. ૨૧૪૮૯–૭૨ પૈસા વસુલ આપેલ નથી.

૮.૪) વધુમાં આ કામે પ્રતિવાદીએ આપેલ વીજ વપરાશની લેણી રકમ વાદીને ચુકવેલ હોય તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો કે મોખિક પુરાવો રજુ કરેલ નથી. વાદીની તરફે રજુ થયેલ પુરાવોનો પ્રતિવાદીએ કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી. આમ, વાદીનો પુરાવો ન માનવાને કોઈ કારણ નથી.

*In the case of LAWS(SC)-1999-3-34 AD(SC)-1999-3-37 Civil **(VIDHYADHAR** VERSUS **MANKIKRAO )** held that, "WHERE a party to the suit does not appear into the witness box and states his own case on oath and does not offer himself to be cross examined by the other side, a presumption would arise that the case set up by him is not correct as has been held in a series of decisions passed by various High Courts and the Privy Council beginning from the decision in Sardar Gurbaksha Singh v. Gurdial Singh, AIR 1927 PC 230. This was followed by the Lahore High Court in Kirpa Singh v. Ajaipal Singh, AIR 1930 Lahore 1 and the Bombay High Court in Martand Pandharinath Chaudhari v. Radhabai Krishnarao Deshmukh, AIR 1931 Bombay 97. The Madhya Pradesh High Court in Gulla Kharagjit Carpenter v. Narsingh Nandkishore Rawat, AIR 1970 Madh*

*Pra 225, also followed the Privy Council decision in Sardar Gurbakhsh Singh's case (AIR 1927 PC 230) (supra). The Allahabad High Court in Arjun Singh v. Virender Nath, AIR 1971 Allahabad 29 held that if a party abstains from entering the witness box, it would give rise to an inference adverse against him. Similarly, a Division Bench of the Punjab and Haryana High Court in Bhagwan Dass v. Bhishan Chand, AIR 1974 Punj and Har 7, drew a presumption under Section 114 of the Evidence Act against a party who did not enter into the witness box. (Para- 8)*

**૮.૫) કોર્ટનું તારણ:**

આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા અનુસંધાને પ્રતિવાદી વાદી કંપનીના વીજ ગ્રાહક હોય વીજ વપરાશના રૂ.૧૪૮૮૯–૦૨ પૈસા તથા વિલંબીત ચાર્જના રૂ.૬૬૦૦–૭૦ પૈસા બાકી લેણી રકમ નીકળે છે જે રકમ પ્રતિવાદીને નોટીસ આપવા છતા બાકી વીજ બીલની લેણી રકમ તથા ડી.પી.સી. ચાર્જીસ રકમ ભરપાઈ કરેલ નથી રકમ  બાકી પડેલ છે તે હકિકત પુરવાર થાય છે. મુદ્ધા નં. ૨ તથા મુદા નં.–૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**૯.) મુદ્ધા નં. ૪**

**(શું  વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસે વ્યાજ મેળવવા હકકદાર છે? જો હા તો કેટલું.)**

**૯.૧) વાદી તર્ફે રજૂઆત**

વાદીએ પોતાની દાવા અરજી તથા સોગંદ પરની જુબાની ધ્યાને લેતાં જણાવેલ છે કે, વાદી કંુ. ની પ્રતિવાદી પાસે વીજચોરી બીલની મુદલ રકમ રૂા.૧૪૮૮૯–૦૨ પૈસા તેમજડી.પી.સી.ચાર્જના રૂા.૬૬૦૦–૭૦ પૈસા એમ મળી કુલ રૂા.૨૧૪૮૯–૭૨ પૈસા વસુલ મેળવવા હકકદાર છે અને સદરરકમ પ્રતિવાદીને નોટીસ બજી જવા છતા,પ્ર તિવાદીએ વાદીની લેણી રકમ ભરપાઈ કરેલ નથી. જેથી વાદીકંુ.પ્રતિવાદી પાસે રકમ રૂા. ૨૧૪૮૯–૭૨ પૈસા ૧૬ ટકાના વ્યાજ સહિત વસુલ મેળવવા હકકદાર થયા છે .જેથી રકમ રૂા. ૨૧ ૪૮૯–૭૨ પૈસા ૧૬ ટકા વ્યાજ સહિતની રકમ વસુલ અપાવવા અરજ કરેલ છે.

**૯.૨) પુરાવાનો બોજો:**

સબબ કામે આંક: ૦૬ થી મુદ્દાને ધ્યાને લેતાં મુદ્દા નં. ૪ એ વાદી પર તકરારી બાબત સાબિત કરવાનો બોજો રહેલ છે.

**૯.૩) પુરાવાકીય મુલ્યાંકન:**

વાદી તથા પ્રતિવાદી તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને વંચાણે લીધા તથા રજૂઆત સાંભળી. રેકર્ડ વંચાણે લેતાં, સબબ કામે ઉપરોક્ત મુદ્દા નં. ૧ થી ૩ માં કરેલ ચર્ચા અનુસાર વાદી પોતાની લેણી રકમ વસૂલ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરેલ છે. આ લેણી રકમ પ્રતિવાદીને નોટીસ બજી જવા છતા,પ્રતિવાદીએ વાદી કંુ.ને લેણી રકમ ચુકવેલ ન હોય, વાદી કંુ.લેણી રકમ ઉપર ૧૬ ટકા વ્યાજ નહી પરંતુ વાદી કંુ.૮ ટકા લેખે વ્યાજ વસુલ મેળવવા હકકદાર હોવાનુ યોગ્ય

અને વ્યાજબી જણાઈ આવે છે.

**૯.૪) કોર્ટનું તારણ:**

આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા અનુસંધાને વાદી દાવા અરજી લગત મુદ્દા નં. ૧ અનુસાર વાદી એ પ્રતિવાદીને વીજ કનેકશન આપવામાં આવેલ હોય અને તેના કાયદેસરના વીજ વપરાશ કરનાર હોવાની હકિકત પુરવાર કરેલ છે. તેમજ ઉપરોક્ત મુદ્ધાનં. ૨ અન્વયે કરેલ ચર્ચા અનુસાર પ્રતિવાદી વીજ વપરાશની રકમ ભરવામાં કસુર કરેલ હોવાનુ પુરવાર થાય છે. મુદ્ધા નં. ૩ અનુસાર વાદી પી.જી.વી.સી.એલ.કંપની પ્રતિવાદી પાસેથી ચડત વીજબીલની રકમ રૂા. ૨૧૪૮૯–૭૨ પૈસા વસુલ લેવા હકકદાર છે તે હકિકત પુરવાર કરેલ છે. તેમજ મુદ્દા નં.૪ અનુસાર વાદી પ્રતિવાદી પાસે રૂા. ૨૧૪૮૯–૭૨ પૈસા ૦૮% લેખે વસૂલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. આમ, મુદ્દા નં. ૪ નો જવાબ અંશત હકારમાં આપવામાં આવે છે.

**૧૦.) મુદદા નં.૫**

**(વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?)**

**૧૦.૧)** વાદીની દાવા અરજી લગત મુદ્દા નં.૧ અનુસાર પ્રતિવાદીને વાદી કંપની દ્ધારા વીજ કનેકશન આપવામાં આવેલ હોય તેના કાયદેસરના વીજ વપરાશ કરનાર હોવાની હકિકત પુરવાર કરેલ છે. તેમજ ઉપરોક્ત મુદ્ધાનં. ૨ અન્વયે કરેલ ચર્ચા અનુસાર પ્રતિવાદી પાસે વાદી કંપનીના વીજ ગ્રાહક હોય વીજ વપરાશના રૂા.૧૪૮૮૯–૦૨ પૈસા તથા વિલંબીત ચાર્જના રૂા.૬૬૦૦–૭૦ પૈસા મળી કુલ રૂા. ૨૧૪૮૯–૭૨ પૈસા બાકી લેણી રકમ

નીકળ્છતી હોવાની હકિકત પુરવાર કરેલ છે. મુદા નં.૩ નુસાર વાદીએ પ્રતિવાદીને બાકી વીજ બીલની લેણી રકમ તથા ડી.પી.સી ચાર્જના રકમ ભરપાઈ કરવા માટે નોટીસ આપવા છતાં ભરપાઈ કરેલ ન હોવાની હકિકત પુરવાર કરેલ છે.મુદા નં.૪ અનુસાર વાદી કંપની પ્રતિવાદી પાસેથી વીજ બીલની રૂા. ૨૧૪ ૮૯-૭૨ પૈસા પ્રતિવાદી પાસે ૦૮% લેખે વસૂલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. મુદ્ધા નં.૫ નો જવાબ તે રીતે આપી,મુદદા નં.૬ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ::**

૧.) વાદીની દાવા અરજી નીચેની શરતે મંજૂર કરવામાં આવે છે.

૨.) આથી વાદી પ્રતિવાદી પાસે રૂા. ૨૧૪૮૯-૭૨ પૈસા વસુલ લેણી પેટે ૦૮% વ્યાજ દરે દાવો દાખલ કર્યાથી પ્રતિવાદી (લેણી રકમ તથા વ્યાજ) ચુકવી ન આપે ત્યાં સુધી ચડયે ચડયા લેણી રકમ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૩.) ખર્ચે અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૪.) હુકમ મુજબનું હુકમનામું દોરવાનો હુકમ કરવામાં આવે છે.
આ હુકમ આજ રોજ તા. ૨૭મી એપ્રીલ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.:૧૨/૦૫/૨૦૨૬ **( તૃપ્તિબેન અમૃતલાલ ભાડજા)**
ત્રીજા એડીશનલ સીનીયર સીવીલ જજ, સુરેન્દ્રનગર
**જજ કોડ – જીજે ૦૧૩૯૯**